सत्यमेव जयते

**ભેસાણના મહેરબાન જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામ–ભેસાણ.**

ક્રિ. કે. નં.૧૭૬/૨૦૨૬.
આંક : – ૧૦

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– નફીશાબેન જાફરભાઇ હોથી,ઉ.વ–૫૯,ધંધો–ઘરકામ,
રહે.મેંદપરા,તા.ભેસાણ,જી.જુનાગઢ.

**ગુનો : ધી ગુજરાત પ્રોહીબીશન(અમેન્ડમેન્ટ) એક્ટ,૨૦૧૭ (સન ૨૦૧૭ નો અધિનિયમ ક્રમાંક ૯) થી સુધારેલ (અમલ તા.૧૯/૧૨/૨૦૧૬)ની કલમ ૬૫(એ)(એ) અન્વયેનો**

**–:ચુકાદો:–**

**(૦૧)..** ફરિયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના મહિલા આરોપીએ ગઈ તા.૦૬/૧૨/૨૦૨૬ ના રોજ કલાક ૧૯/૩૦ વાગ્યે મેંદપરા ગામે પોતાના કબજા ભોગવટાના રહેણાક મકાને ગેરકાયદેસર પાસ પરમીટ વગર પોતાના કબજામાં દેશી પીવાનો દારૂ લીટર–૦૩, કિંમત રૂ.૬૦૦/– નો પ્રોહી મુદ્દામાલ રાખી પોલીસ રેઇડ દરમ્યાન હાજર મળી આવી ગુનો કર્યા હોવાનો આક્ષેપ હોય પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એ)(એ) ના ગુનાના કામે અટક કરેલ અને આરોપી સામે ફરિયાદીની ફરિયાદને આધારે ગુનો રજીસ્ટર્ડ કરી ગુનાને લગત તપાસ કરી તેઓ સામે
પુરતો પુરાવો હોઈ ચાર્જશીટ કરેલ છે.

**(૦૨)..** આ કામના આરોપી સામે ચાર્જશીટ રજુ થતા આરોપી સામે ભારતીય

નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૧૦ (૧)(બી) મુજબ પોલીસ રીપોર્ટને આધારે ઉપરોકત ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૨૭ અન્વયે સમન્સ કરવામાં આવેલ જે અનુસંધાને આરોપી કોર્ટમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબ આરોપીને પોલીસ પેપર્સ ચાર્જશીટની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બદલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૬૩(૧) પ્રમાણે આરોપીને ઉપરોકત ગુન્હાનું તહોમતનામું કોર્ટ દ્વારા ફરમાવેલ સદરહું તહોમતનામું કલમ–૨૬૩(૨) પ્રમાણે આરોપીને વાંચી –સંભળાવેલ આરોપીની સદરહું તહોમતનામાં અંગે પ્લી રેકર્ડ કરવામાં આવેલ જેમાં તેમણે ગુનો કબુલ કરેલ છે. આરોપીને તેઓ સામેના ગુનાની ગંભીરતા તથા સજાકીય જોગવાઈઓ અંગે સમજાવવામાં આવેલ છે તેમજ આરોપી ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. અને તેઓએ આપેલ કબુલાત પુરસીસમાં જણાવેલ હકીકતોને વળગી રહે છે.

(૦૩).. સૌપ્રથમ આરોપી વિરૂધ્ધ આક્ષેપીત ગુનાની કલમનો ઉલ્લેખ અત્રે જરૂરી છે.

**ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ**

જે કોઈ વ્યકિત, કલમો ૬૫ અથવા ૬૬ માં ગમે તે મજકૂર હોય તે છતાં રાજય સરકારુ રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના જથ્થાથી ઓછા જથ્થામાં, કોઈ નશાયુકત પદાર્થ વેચે, ખરીદે, પોતાના કબજામાં રાખે અથવા તેની હેરફેર કરે, તે દોષીત ઠર્યેથી આવા દરેક ગુના માટે ત્રણ વર્ષ સુધીની કેદની અને દંડની શિક્ષાપાત્ર પણ થશે.

(સને–૨૦૧૭નાં અધિનિયમ ક્રમાંક–૯ મુજબ કલમ–૬૫(એ)(એ) ઉમેરવામાં આવી છે.અમલ તા.૧૯/૧૨/૨૦૧૬ ના રોજ આરોપી સામે હાલનું કામે પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એ)(એ) અન્વયેનું છે.જે સેકશન વંચાણે લીધી.ગુજરાત સરકારશ્રી ધ્વારા પ્રોહીબીશન એકટમાં સુધારો કરેલ છે. ગુજરાત

સરકારશ્રી ધ્વારા ઓર્ડીનન્સ નંબર ૭/૨૦૧૬ થી વટહુકમ કરવામાં આવેલ છે અને સદર ઓર્ડીનન્સનો અમલ તા.૧૯/૧૨/૨૦૧૬ થી તાત્કાલીક અસરથી અમલમાં આવેલ છે.જે વટહુકમ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(એ)ની સજાની જોગવાઈ ધ્યાને લેતા આરોપી સામે ૩ વર્ષ સુધીની કેદની સજા અને દંડને પાત્ર ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે, જેથી આ કામમાં આરોપી સામેના ગુન્હામાં બી.એન.એસ.એસ.માં આપવામાં આવેલ,પોલીસ રીપોર્ટ ઉપરથી શરૂ કરવામાં આવેલ વોરંટ ટ્રાયેબલ કેસની કાર્યવાહી અનુસરવી જરૂરી છે. જેથી આ કામે આરોપી સામે તહોમતનામું ફરમાવી તેઓનો જવાબ લેવામાં આવતા તેઓએ ગુનો સ્વેચ્છાથી કબુલ કરેલ હોવાનું જણાવેલ છે.આરોપીને સજા અંગે સમજાવવામાં આવેલ છે. તેમ છતાં આરોપી તેઓની સામેના ગુન્હાની કબુલાત કરી પુરસીસ રજુ કરી જણાવે છે કે આ તેઓનો પ્રથમ ગુન્હો છે તેમજ તેઓ ગરીબ વર્ગના માણસ હોઈ તેમજ કુટુંબ કબીલાવાળા હોઈ અને તેના કુટુંબની દેખભાળ રાખનાર તેઓ એક માત્ર ઈસમ હોય, દયા રાખી સજા કરવા અરજ કરેલ છે. જેથી ગુનાનો પસ્તાવો કરી આ પ્રથમ ભુલ માફ કરી ઓછી દંડની સજા કરી રહેમ રાખવા અરજ કરેલ છે.

(૪).. આરોપી જયારે તેઓ સામેનો આક્ષેપ સ્વેચ્છાએ કબુલ કરે છે, ત્યારે તમામ રેર્કડ ઉપરની હકીકતો લક્ષમાં લેતા આ ગુનાની ટ્રાયલ માટે હાલ ના કામના સરકારી અમલદાર મુળ ફરીયાદી,સરકારી અમલદાર સાહેદ,પંચો, તપાસનિશ અધિકારી ને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેર્કડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીગ કેસની સંખ્યા સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતા ટુકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહી. તેમજ ટ્રાયલમાં ફરીયાદ પક્ષના વકીલશ્રીનો સમય,સરકારી સાહેદોનો સમય,તથા

કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાન ઠરે ત્યારે સજા વખતે પણ આરોપીની કબુલાત પુરસીસમાં જણાવેલ આરોપીની સ્થિતી ધ્યાને અવશ્ય લેવામાં આવે અને તેના બદલે હાલના તબકકે આરોપીનો પ્રથમ ગુનો હોઈ અને શરુઆતમાં ગુનો કબુલ કરે છે.ત્યારે તેણે ગુના કબુલ સંર્દભે રજુ કરેલી હકીકતોને સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેર્કડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતીઓને ધ્યાને લઈ તથા **નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર, જી. એલ. આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧ માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે કાયદામાં ઠરાવેલી નિયત સજા કરવામાં આવે અને આરોપીને જેલમાં મોકલવામાં આવે તો શકય છે કે આરોપી જેલમાં ના અઠંગ અને રીઢા ગુનેગારોની સોબતમાં આવી જાય અને પરિણામે તે પણ તેમના જેવો ગુનેગાર બની જાય. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ આ પ્રમાણેની સ્થિતીનું સર્જન ન થાય તેવી તકેદારી રાખવી તે પણ આ તબકકે જોવું જોઈએ તેમ મારૂં માનવું છે.આરોપીનો આ પ્રથમ વારનો ગુનો અજાણતાથી થયો છે અને તે બદલ તેને પસ્તાવો થયો છે.આરોપી ને કેદની સજામાં દયા રાખી ઓછી સજા કરવામાાં આવે તો પણ ન્યાયનો હેતુ જળવાય તેમ છે.આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપીને કબુલાત બદલ પુરેપુરી સજા નહી કરતા આરોપીને ઓછી સજા કરવાથી ન્યાય

નો હેતુ જળવાશે તેમ આ અદાલતનું નમ્રપણે માનવું હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ:-**

**(૧)..** આરોપી **નફીશાબેન જાફરભાઇ હોથી**,ઉ.વ-૫૯,ધંધો-ઘરકામ, રહે. મેંદપરા,તા.ભેસાણ,જી.જુનાગઢ વાળાને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૬૪ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫ (એ)(એ) સાથે પ્રોહીબીશન વટહુકમ નં-૭/૨૦૧૬ વંચાણે લેતાં સદરહું ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સાદી કેદની સજા તથા **રૂા.૨૦૦/-**(અંકે રૂપીયા બસો પુરા) ના દંડની સજા ફરમાવવામાં આવે છે. દંડ ના ભરે તો **<u>દીન-૦૫ (પાંચ)</u>** ની સાદી કેદનો સજાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)..** આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ-૪૦૪ મુજબ જજમેન્ટની નકલ વિના મુલ્યે પુરી પાડવી.

**(૩)..** આ કામે કબ્જે કરેલ મુદ્દામાલ દેશી દારુનો અપીલ સમય બાદ ધોરણસર નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧ મી માહે.જુલાઇ સને.૨૦૨૬ નારોજ નેશનલ લોકઅદાલત અન્વયેની સ્પે.સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખ :૧૧/૦૭/૨૦૨૬**
**સ્થળ: ભેસાણ.**

**(ભાસ્કરકુમાર રમેશભાઈ કારીયા)**
**જજ કોડ-જી.જે.૦૧૬૨૬**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ**
**ભેસાણ.**